સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

# મહિમા વર્ષ

૨૦૨૧-૨૨

ઉપક્રમે

મે માસ

# ગુણગ્રાહક માસ

## Family Time સભા - 1

## કાર્યક્રમ મટીરીયલ

# મહિમા વર્ષ

## ઉપક્રમે

# ગુણગ્રાહક માસ

### આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

(1) દરરોજ ઠાકોરજી જમાડતી વખતે સંતો-હરિભક્તોના ગુણાનુવાદ કરવા (તેમાંય જેમની સાથે વિશેષ રહેવાનું થતું હોય, જેમના વિશેષ અભાવ-અવગુણ આવતા હોય તેમના ગુણાનુવાદ કરવા.)

(2) અભાવ-અવગુણ અને અમહિમાની વાત ન કરવી, ન સાંભળવી, ન વિચારવી કે અભાવ-અવગુણની વાતોમાં ભેગા પણ ભળવું નહિ.

# ❖ ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે...

- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે ગુણોના ગ્રાહક થવું.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે ભર્યા થવાનો એકમાત્ર ઉપાય.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે પ્રભુમાં પ્રીતિ થવાનું સૌથી મોટું કારણ.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે સમૂહજીવનમાં રહેવા છતાં સુખિયા રહેવાનો એકમાત્ર ઉપાય.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે સદાય આનંદમાં રહેવાનો જાદુઈ ઈલાજ છે.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે સૌના વ્હાલા થવાની તરકીબ.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે વિના પ્રયાસે ગુણસભર થવાની કળા.
- ગુણગ્રાહક દ્રષ્ટિ એટલે વિના આવડતે આવડતવાળા થવાની તરકીબ.



## ❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

**નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.**

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- “ઘર એક મંદિર” હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ ‘દયાળુ રાજી રહેજો’ એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

# મહિમા ગીત

Play Kirtan

મહિમા, મહિમા, સૌનો મહિમા;
મહિમા મહિમા, સમજીએ મહિમા.
મહિમા, મહિમા...ટેક


મહિમાથી ગુણો આવે, દોષો સર્વે ભાગી જાય;
મહિમાથી ભર્યા થવાય(૨), લુખ્ખાપણું તો જાય...૦૧
મહિમાથી સુખિયા થવાય, ઉદ્‌વેગ અશાંતિ જાય;
હતાશા ને નિરાશા(૨), લાખો ગાઉ દૂર જાય...૦૨
મહિમાથી કાર્યક્ષમતા ને, ઉત્સાહ વધી જાય;
ગમે તેવાં અઘરાં કામ(૨), સહેલાં સહેલાં થાય...૦૩
જો મહિમા સમજાય તો, અવળું કાંઈ ન લાગે;
ભાર, ભીડો ને તકલીફ(૨), ખોટું ક્યારે ન લાગે...૦૪
મહિમાની વાતો જોડો, અમહિમાની તોડો;
સ્વનો મહિમા છોડી સૌને(૨), રાજી કરવા દોડો...૦૫
જો મહિમા સમજાય તો, ગુણ લઈ શકાય;
મહિમાની દૃષ્ટિ થાયે તો(૨), અવગુણ ન લેવાય...૦૬
જેને જેટલું મહાત્મ્ય, તેને તેટલું જતન થાય;
મહિમા સમજ્યા વિના(૨), એક ડગલું ન ભરાય...૦૭
મહારાજ–મોટા, સંતો–ભક્તો, પોતે પણ છે એક;
ચારેયનું જો મહાત્મ્ય(૨), સમજે તો પહોંચે છેક...૦૮
ચાર સ્વરૂપનું મહાત્મ્ય, સમજવું જ પડશે;
ચારમાંથી એકેયનું જો(૨), ઓછું હશે તો નડશે...૦૯
સર્વોપરી, સર્વાવતારી, સર્વના કર્તા શ્રીજી;
સદાય દિવ્ય, પ્રગટ–પ્રત્યક્ષ(૨), સમજી કરો રાજી...૧૦
મોટાપુરુષની સાથે કરો, નિર્દોષ દિવ્ય આત્મબુદ્ધિ;
નેગેટિવની પૉઝિટિવ(૨), થઈ જાય સીધે સીધી...૧૧
સંબંધવાળા સંતો–ભક્તોમાં, શ્રીજી બિરાજે છે;
નિર્માની ને દાસ થાય(૨), તે સુખમાં રાચે છે...૧૨
કૃપા કરીને મૂર્તિમાં રાખ્યા, દેહ નહિ મુક્ત છીએ;
સ્વભાવ–પ્રકૃતિ ટળી જાય (૨), પુરુષોત્તમની દૃષ્ટિએ...૧૩

## આવો નિહાળીએ

# અભાવ-અવગુણ એક ઝેર

## ટેલીફિલ્મ

## અને તેનાથી દુર રહીએ...




Click to ▶ Play Telefilm

# જો જો અપરાધ ન થઈ જાય...



## પામીએ પ્રેરણા

સદ્. નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્યની મૂર્તિ હતા. તેથી સંતોને તેમની સાથે રહેવું અઘરું પડતું. સ્વામીની વૃધ્ધાવસ્થામાં સેવામાં મોરારચરણદાસજી નામે એક શિષ્ય રહેતા. સદ્. નિષ્કુળાનંદ સ્વામીને વૈરાગ્યના, પ્રાપ્તિના મહિમાના પદો રચતાં ને તેમના શિષ્ય મોરારચરણદાસ રાગઢાળનો પ્રાસ બેસાડવાની સેવા કરતા.

એક દિવસ સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ એક પદની રચના કરી મોરારચરણદાસજીને રાગ બંધ બેસાડવા કહ્યું, રસોઈનો વખત હતો. મોરારચરણદાસે શરત મૂકી, “તમે ભરેલાં ભીંડાનું શાક બનાવી આપો તો પદનો ઢાળ બેસાડી આપું.” સ્વામી ભીંડા લઈને રસોડામાં ભાજી ચૂંટેલી પડી હતી. તેથી વૈરાગ્યમૂર્તિ સ્વામીએ વિચાર્યું કે, “સાધુએ ભરેલા ભીંડા માંગીને શેના જમાય ?” માટે સ્વામીએ ભાજી ધોઇ વઘાર કર્યો. પદનો ઢાળ બેસાડી રસોડામાં જમવા આવ્યા. થાળમાં ભરેલા ભીંડાના બદલે ભાજી જોતાં તેમનો પિત્તો આસમાને પહોંચી ગયો. પોતે શિષ્યસ્થાને હોવાથી ગુરુને કશું કહી ન શક્યા. પરંતુ મનોમન ગાંઠ વાળી દીધી કે, આનો બદલો લઇશ જ.

સદ્. નિષ્કુળાનંદ સ્વામી જે પદ-કીર્તનો રચતા તેની હસ્તલિખિત પ્રતોના ખરડા ભેગા કરેલા હતા. બદલો લેવાની ભાવનાથી રાત્રે બધી પ્રતોનું પોટલુ વાળી વડતાલના ગોમતી તળાવના પાણીમાં નાંખી દેવાની યોજના ઘડી. વિચારેલ યોજના મુજબ રાત્રે એક વાગે પ્રતોનું પોટલુ લઇ ગોમતી તળાવમાં નાંખવા ગયા. પરંતુ આખા તળાવનું પણું સૂકાઈ ગયેલું તેથી બીજે ગામ ગયા. ત્યાં પણ પાણી સૂકાઈ ગયું. ત્રીજા ગામ ગયા. એમ કરતાં ચોથા ગામ ગયા. આખું તળાવ પાણીથી ભરેલુ જોઇ રાજી થઈ ગયા ને પ્રતો તળાવમાં નાંખવા દોડ્યા. એ જ વખતે મહારાજે તેમની દ્રષ્ટિની શક્તિ લઇ લીધી. સુરદાસ બની ગયા. ક્યાં જવું રસ્તો ન સૂઝે એવા દિશાભ્રમ થઇ ગયા.

આ બાજુ પરોઢિયે સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ જાગીને જોયું તો મોરારચરણદાસજી ક્યાંય ન જડે. છેવટે વડતાલની પડખેના ગામમાં શેરીએ શેરીએ ભટકતાં મળ્યા. હરિભક્તોએ ગાડે બેસાડી સદ્. નિષ્કુળાનંદ સ્વામી પાસે લાવ્યા. સ્વામીએ બધું પૂછ્યું મોરારચરણદાસે પોક મૂકી ને રડ્યા તથા થયેલ દ્રોહ માટે પસ્તાવો થયો. પોતે જ પોતાના હાથે પોતાના સુખનું દ્વાર બંધ કર્યું હતું.

## મનનીય પ્રશ્નો

1. આપણને આપણી આવડત, skill અંગે કઈ કઈ બાબતે માન આવે છે ?
2. પોતાના જીવનમાં આવું માન આવવાનું કારણ શું ?
3. નાની બાબતે માન આવે તેને ટાળવા શું કરીશ ?

**લેશન : આજ સુધી કોઈ મુક્તનો આપણા અહંકારે કરીને દ્રોહ થઈ ગયો હોય તો મહારાજની અને મોટાપુરુષની મૂર્તિ આગળ કગરીને પ્રાર્થના કરી માફી માંગવી.**

## આવો સંકલ્પ સભાના સારનું શ્રવણ કરીએ...




## આવો ગુણગ્રાહક માસનું લેશન કરીએ...

